## 1. વિદેશનીતિ એટલે શું ?

- વિશ્વનું દરેક રાષ્ટ્ર પોતાના રાષ્ટ્રીય હિતો અને ધ્યેયોને પ્રાપ્ત કરવાના હેતુસર અન્ય રાષ્ટ્ર સાથે રાજદ્વારી સંબંધો નિર્ધારિત કરવા અને જાળવવા કોઈ ચોક્કસ પ્રકારની નીતિ અને કાર્ય યોજના અમલમાં મૂકે છે, જેને વિદેશનીતિ કહેવાય છે.

## 2. બ્રિક્સ શું છે?

- બ્રક્સ અને બ્રાઝિલ (Brazil), રશિયા (Russia), ઈન્ડિયા (India), ચીન (China) અને સાઉથ આફ્રિકા (South. Africa) એ પાંચ રાષ્ટ્રોનું બનેલું આંતરરાષ્ટ્રીય સંગઠન છે. દરેક દેશના પ્રથમ અક્ષર લઈ (BRICS) બિક્સ તરીકે ઓળખાય છે.

## 3. પંચશીલના સિદ્ધાંતો કયા છે?

- પંચશીલના પાંચ મુખ્ય સિદ્ધાંતો છે. જે નીચે મુજબ છે : (1) એકબીજા રાષ્ટ્રોની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વને માન આપવું. (2) બિન આક્રમણ. (3) બીજા રાજયની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ ન કરવો. (4) પરસ્પર લાભ અને સમાનતા. (5) શાંતિમય સહઅસ્તિત્વ.

## 4. ભારતે શા માટે બિનજોડાણવાદની નીતિ અપનાવી ?

- બીજા વિશ્વયુદ્ધ પછીના ઠંડા યુદ્ધના સમયે અમેરિકા મૂડીવાદી અર્થતંત્રના પ્રચાર  પ્રસાર કરીને તો રશિયા સામ્યવાદી આર્થિક વિકાસના પ્રચાર  પ્રસાર કરી ત્રીજા વિશ્વના દેશોને પોતાના જૂથમાં જોડવા માંગતા હતા. આ સમયે પ.જવાહરલાલ નહેરુએ બંને જૂથો પૈકી કોઈપણ જૂથ સાથે ન જોડાઈ ''બિન જોડાણવાદી'' નીતિ અપનાવી. આર્થિક વિકાસની દષ્ટિએ પણ બિનજોડાણવાદ નીતિ ઉપયોગી હતી. કારણ કે તે નિતિ શાંતિની નીતિ હતી અને આર્થિક વિકાસ માટે શાંતિ જરૂરી છે. ઉપરાંત બિનજોડાણવાદને કારણે ભારતને બંને સર્વોચ્ચ સત્તા તરફથી આર્થિક મદદ મળી શકે એમ હતી. આથી ભારતે બિનજોડાણવાદી નીતિ અપનાવી હતી.

## 5. બિનજોડાણવાદી નીતિના મુખ્ય સમર્થકો કોણ છે?

- ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ, યુગોસ્લાવિયાના પ્રમુખ ટીટો, ઈજીપ્તના કર્નલ નાસર અને ઈન્ડોનેશિયાના પ્રમુખ સુકર્ણો મુખ્ય છે.

## 6. સાર્કના સભ્ય દેશો કયા  કયા છે?

- ભારત, નેપાળ, શ્રીલંકા, પાકિસ્તાન, ભૂતાન, માલદીવ, બાંગ્લાદેશ એવા સાત દેશો છે.

## 7. વૈશ્વિક ગ્રામના ઉદ્દભવ માટેના વાહકો કયાં છે ?

- સાઈબર ક્રાન્તિ, સંવહન અને વાહન વ્યવહારના સાધનોના કારણ વૈશ્વિક ગ્રામનો ઉદ્ભવ થયો છે.

8. બિન જોડાણવાદી આંદોલન સંસ્થાની સ્થાપના ક્યારે અને ક્યાં થઈ?

- ઈ.સ. 1961 માં બેલગ્રેડ ખાતેની પરિષદમાં બિનજોડાણવાદી આંદોલન (દ્વછસ) સંસ્થાની સ્થાપના થઈ.

9. દરેક રાષ્ટ્રની અંતિમ ઈચ્છા કઈ હોય છે?

- દરેક રાષ્ટ્ર પોતાની એક્તા, અખંડિતતા, સાર્વભૌમાય, સલામતી, સંરક્ષણ, વિકાસની સાથે પોતાના નાગરિકોનું રક્ષણ અને કલ્યાણ થાય તેવું દરેક રાષ્ટ્ર ઈચ્છે છે.

10. આંતરરાષ્ટ્રીય સંબંધોના વિકાસ માટે કયા પરિબળો નિર્ણાયક ભૂમિકા ભજવે છે ?

- આંતરરાષ્ટ્રીય સંબંધોમાં વસ્તી, વિસ્તાર, કુદરતી સંસાધનો, વિજ્ઞાન ટેકનોલોજી, આર્થિક વિકાસ અને બજાર જેવા પરિબળો નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

11. ભારતના કયા સાંસ્કૃતિક મૂલ્યોએ વિદેશનીતિને પ્રભાવિત કરી છે?

- ભારતની વિદેશનીતિને અહિંસા, સંઘર્ષને સ્થાને સહકાર, શાંતિ અને કલ્યાણ, વસુધૈવ કુટુંબકમ્ જેવા ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોએ પ્રભાવિત કર્યા છે.

12. ભારતે કયા રાષ્ટ્રોની સ્વાતંત્ર્ય ચળવળમાં અગત્યની ભૂમિકા ભજવી છે?

- ભારતે ઈન્ડોનેશિયા અને બાંગ્લાદેશના સ્વાતંત્ર્યની ચળવળમાં અગત્યની ભૂમિકા ભજવી છે.

13. ભારતે કયા દેશની સરકારનો રંગભેદની નીતિને લઈ વિરોધ કર્યો હતો ?

- ભારતે દક્ષિણ આફ્રિકાની સરકાર સામે તેમની રંગભેદની નીતિ સામે વિરોધ નોંધાવ્યો હતો.

14. ભારત કાશ્મીરની સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવવા માંગે છે?

- ભારત કશ્મીર સમસ્યાનો યુદ્ધના આશ્રય લીધા વિના યુ.એન.ના માધ્યમથી અને મંત્રાણા દ્વારા ઉકેલવા પ્રયત્ન કરે છે.

15. આદર્શ આંતરરાષ્ટ્રીય વ્યવહારોના નિયમો તરીકે પ.જવાહરલાલ નહેરુએ રજૂ કરેલા સિદ્ધાંતો કયા નામે ઓળખાય છે?

- પંચશીલના સિદ્ધાંતો.

16. પંચશીલ સિદ્ધાંતોનો સૌ પ્રથમ સ્વીકાર કોને અને ક્યારે કર્યો?

- 1954માં ભારતના વડાપ્રધાન પં.નહેરુ અને ચીનના વડાપ્રધાન ચાઉએનલાઈ દ્વારા સૌ પ્રથમ વખત પંચશીલના સિદ્ધાંતોનો સ્વીકાર કરાયો.

17. રાષ્ટ્રની નીતિવિષયક બાબતમાં પરિવર્તન ક્યારે થાય છે?

➢ રાષ્ટ્રના આંતરિક સત્તામાળખા અને નેતૃત્વમાં પરિવર્તન થતાં નીતિ વિષયક બાબતમાં પરિવર્તન આવે છે.

18. ભારતના ભૂપૃષ્ઠમાં કયા પ્રકારની વિવિધતા જોવા મળે છે?

➢ ભારતના ભૂપૃષ્ઠમાં ઉચ્ચ પર્વતીય પ્રદેશ, મેદાનો, ગાઢ જંગલો, રણપ્રદેશ, સમુદ્ર કિનારા જેવી વિવિધતા જોવા મળે છે.

19. 2011 મુજબ ભારતની કુલ વસ્તી જણાવો.

➢ 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતની કુલ વસ્તી 1,21,01,93,422 છે. જેમાં 62,37,24,248 પુરુષો અને 58,64,69,164 સ્ત્રીઓ છે.

20. ભારત યુવા રાષ્ટ્ર છે ? શા માટે?

➢ ભારતની કુલ વસ્તીના 65 % વસ્તી 35 વર્ષથી નીચેની ઉંમરના હોવાથી તેને યુવા રાષ્ટ્ર તરીકે ઓળખવામાં આવે છે.

21. કઈ કઈ ખનીજના ઉત્પાદનમાં ભારત વિશ્વકક્ષાએ મોખરાનું સ્થાન ધરાવે છે ?

➢ ભારત લોખંડ, કોલસો, અબરખ જેવી ખનીજોના ઉત્પાદન અને નિકાસમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

22. ભારતે સૌ પ્રથમ અણુ પરીક્ષણ કયા અને ક્યારે કર્યું હતું?

➢ ભારતે સૌ પ્રથમ વખત અણુપરીક્ષણ 1974માં રાજસ્થાનમાં આવેલ પોખરણ રેન્જમાં સૌ પ્રથમ અણુપરીક્ષણ કર્યું હતું.

23. અન્નક્ષેત્રે ભારતે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી ? કેવી રીતે ?

➢ હરિયાળી ક્રાંતિના સફળ અમલીકરણના કારણે ભારતે અન્ન ક્ષેત્રે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી છે.

24. વિશ્વ યોગ દિવસની મુખ્ય વિભાવના શું છે?

➢ સર્વે સન્તુ નિરામયા'' એ વિશ્વ યોગદિવસની મુખ્ય વિભાવના છે.

25. ભારતે પાકિસ્તાન સાથેના સંબંધોમાં વિશ્વાસ વધારવા કયા બે પગલાં લીધા છે?

➢ ભારતે પાકિસ્તાન સાથે ટ્રેન અને બસ સેવાઓ શરૂ કરીને વિશ્વાસ નિર્માણ કરવામાં પ્રથમ પગલાં ભર્યા છે.

26. વિશ્વનું એકમાત્ર હિન્દુ રાષ્ટ્ર કયું છે?

➢ નેપાળ એ વિશ્વનું એક માત્ર હિન્દુ રાષ્ટ્ર છે.

27. નેપાળ અને ભારત વચ્ચેના સંબંધોમાં પડેલ તીરાડ માટેના જવાબદાર પરીબળો કયાં છે?

- નેપાળમાં રાજકીય બાબતોમાં ચીનનું વધતુ પ્રભુત્વ અને માઓવાદીઓનું વર્ચસ્વ ભારતનેપાળ વચ્ચેના સંબંધોને તોડી રહ્યા છે.

28. ભારત અને ચીન કઈ બાબતમાં સમાન અભિગમ ધરાવે છે?

- ભારત અને ચીન વિશ્વમાં શાંતિ, સ્થિરતા અને વિકાસ સાધવાની બાબતમાં એક સમાન અભિગમ ધરાવે છે.

29. એક્લેવ સમસ્યાનો ઉકેલ ક્યારે આવ્યો?

- ભારત અને બાંગ્લાદેશના સરહદી વિસ્તારોની એક્લેવ વિવાદને ઉકેલવામાં 31 જુલાઈ, 2015માં સફળતા પ્રાપ્ત થઈ છે.

30. શ્રીલંકાનો પાડોશી દેશ કયો છે?

- ભારત એ એકમાત્ર શ્રીલંકાનો પાડોશી દેશ છે.

31. CENTO માં કયા રાષ્ટ્રો જોડાયા છે ?

- ઈરાન, ઈરાક, પાકિસ્તાન, તુર્કી અને યુ.કે. એમ પાંચ રાષ્ટ્રો CENTOમાં જોડાયેલ છે.

32. CENTO નું વિસર્જન ક્યારે થયું ?

- ઈ.સ. 1979માં ઝઈર્દ્નું વિસર્જન કરાયું.

33. અમેરિકાએ કયા કારણોસર ભારત ઉપર આર્થિક પ્રતિબંધો લાગુ કર્યા હતા ?

- ઈ.સ. 1998માં ભારતના વડાપ્રધાન અટલબિહારી બાજપાઈજીએ પોખરણ ખાતે અણુ પરીક્ષણ કરતાં અમેરિકાએ ભારત પર આર્થિક પ્રતિબંધ મૂક્યો.

34. ભારત અને રશિયા વચ્ચેના સંબંધોની ખાસીયત જણાવો.

- ભારતની આઝાદીથી આજ સુધી રશિયા સાથેના સંબંધો મધુર અને મૈત્રીપૂર્ણ રહ્યા છે.

35. SAARC નું પૂર્ણરૂપ લખો.

- South Asian Association for Regional Cooperation.

36. સાર્કમાં જોડાયેલ નવું રાષ્ટ્ર કયું છે?

- સાર્કમાં નવા રાષ્ટ્ર તરીકે અફઘાનિસ્તાને પ્રવેશ કર્યો છે.

37. બ્રિક્સ જૂથમાં જોડાયેલા દેશોના નામ લખો.

- બ્રાઝિલ (Brazil), રશિયા (Russia), ઈન્ડિયા (India), ચીન (China), સાઉથ આફ્રિકા (South Africa) દેશો જોડાયેલ

38. "G4" માં કયા રાષ્ટ્રોનો સમાવેશ થાય છે?

- "G4" દેશોમાં ભારત, બ્રાઝિલ, જાપાન અને જર્મની એમ ચાર રાષ્ટ્રોનો સમાવેશ થાય છે.

39. યુરોપીયન સંઘમાં કયા છ દેશોનો સમાવેશ થાય છે?

- યુરોપીયન સંઘમાં ફ્રાંસ, વેસ્ટ જર્મની, બેલ્જિયમ, લકઝમબર્ગ, ઈટાલી અને નેધરલેન્ડનો સમાવેશ થાય છે.

40. માનવહકો એટલે શું?

- મનુષ્ય તરીકે જન્મતાંની સાથે જ વ્યક્તિ કેટલાક હકોનો હકદાર બને છે. જેને માનવહકો કહે છે.